# અર્હદ્ પ્રેરણા પત્ર

## 41ST YUVA UTKARSH SHIBIR




❖ વર્ષ : 31 ❖ અંક : 10 ❖ S.No. : 474
❖ તા.16-1-2025 ❖ જાન્યુઆરી
છૂટક નકલ : રૂા. 6/-

## ૪૧મી યુવા ઉત્કર્ષ શિબિરની આછેરી ઝલકો...
















तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 31 ❖ અંક : 10
S.No. : 474 ❖ વિ.સં.2081
તા.16-1-2025 ❖ જાન્યુઆરી

: માલિક :
અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
કલ્પેશભાઈ વિ. શાહ
અમદાવાદ

ટાઈપ સેટીંગ
સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**



**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**

## પ્રાર્થના

હે ત્રિલોકબંધુ ! તારી પરમ કૃપાથી હું સારી સંપત્તિને પામ્યો છું. પરંતુ આ બધી સંપત્તિઓ મને માલિક બનાવવા માંગે છે ! હું તો તારો દાસ છું. હવે માલિક કેવી રીતે બનું ? મારે દાસપણું છોડવું પડે એના કરતાં સંપત્તિઓ જ ચાલી જાઓ !

હે કરુણાવંત ! તારા પુણ્ય પ્રભાવે હું સમાજમાં અને સંઘમાં સારા કાર્યો કરી શકું છું. પરંતુ હે નાથ ! તેઓ જ્યારે મારું બહુમાન ને સન્માન કરે છે, ગળામાં ફૂલનો જાડો હાર પહેરાવી ગુલદસ્તો આપે છે ત્યારે મને માન ચડી જાય છે અને જાણે હું તારા કરતાંય મહાન છું એવું લાગવા લાગે છે. પ્રભુ મહાન તો તું જ છે. હવેથી આ સારા કામો પણ છોડી માત્ર તારા કાર્યો જ કરવાનું મને સામર્થ્ય આપ !

હે જગદાધાર ! મારા પુણ્ય અને સંપત્તિના કારણે મારી નસોમાં અહંકારની ગરમી સતત રહ્યા કરે છે. તારી પાસે આવું છું ત્યારે શીતલ લાગુ છું પરંતુ ઘરમાં, દુકાનમાં કે સમાજમાં મને કોઈ કહે તો મારી ખોપડી ફાટફાટ થાય છે. હું ભલભલાને સંભળાવી દઉં છું. પ્રભુ હું એ પણ જાણું છું, કે જ્યાં સુધી આ અહંકાર છે ત્યાં સુધી તને મળવાની આશા ફોગટ છે. પ્રભુ ! મારે તને મળવું છે ! તું ગમે તેમ કરી મારા અહંકારને મારી નાંખ, બાળી નાંખ, જેથી શીતલ બની તારામાં ભળી શકું.

## સંવેદના

કોઈ પૂછે કે, સંસારમાં મોટું દુઃખ કયું ? પૈસા નથી એનું ? ના, ઘર નથી એનું ? ના, નોકરી નથી એનું ? ના, ધંધો નથી એનું ? ના, પરણ્યા પછી ઘરમાં છોકરું નથી એનું ? ના, આ બધા દુઃખોના ઈલાજ થઈ શકે છે. પરંતુ એકવાર જો કજોડુ આવી જાય તો આ દુઃખના ડુંગરા નીચે આખી જિંદગી દબાઈને રહેવું પડે છે. ન કહેવાય ન સહેવાય ! સાપે છછુંદર ગળ્યા જેવી પતિ–પત્નીની હાલત થાય છે.

વિશ્વમાં કદાચ સહુથી વધારે દુઃખી કજોડાં છે. તેમના સંબંધોમાં પ્રેમની મીઠાશ નથી. તેમની વાતો દિલોજાન વિનાની તુચ્છ હોય છે. તેમના હૈયાં પરસ્પર લાગણી શૂન્ય હોય છે. તેમના અભિપ્રાયો હંમેશાં વિપરીત જ હોય છે. તેમની માન્યતાઓ આખો દિવસ ટકરાયા કરે છે.

તેમના પરસ્પરના આગ્રહો બ્રહ્માય નિવારી શક્તા નથી. હા !

ઘરમાં બધે જ મેચીંગ જોવા મળશે. માત્ર તે દંપતિના સ્વભાવમાં ક્રોસ મેચીંગ હશે.

લગ્ન પહેલાં જ ક્યાંક કાચું કપાયું હોય છે અથવા લગ્ન પછી રેપર ઉતરી જવાથી મૂળ માલ ખુલ્લો થઈ ગયો હોય છે. એટલે હવે તે આખી જિંદગી આજ કરતાં હોય છે. તેમના મોટા થયેલા સંતાનોની સામે પણ વિવેક રાખી શક્તા નથી. સરકારે બધે રાહત કાર્યો કરવા સાથે આવા કજોડાં માટે રાહત કાર્ય શરૂ કરવું જોઈએ.



**હેમસૂત્ર** **ધર્મશાસ્ત્રો પર અનાદરવાળાના અંતઃકરણની શુદ્ધિ ન થાય. તેથી ગુણો પ્રગટે નહિ, તેની ધર્મક્રિયા તાત્ત્વિક નથી.**

## આતમ ઝંખે છૂટકારો...25

### તીત્થજત્તાય - તીર્થયાત્રા કરવી-9



**તારંગા તીરથ સ્વામી રે...**

એક ઈતિહાસ મુજબ અહીં રાજા વેણીવત્સનું રાજ્ય હતું. તે બૌદ્ધધર્મી હતો. બૌદ્ધોની દેવી તારા દેવી કહેવાય છે. તેઓ તે દેવીને પૂજે છે. તેના મંદિરો પણ બનાવે છે. આવું તારાદેવીનું મંદિર આ રાજાએ આ પહાડીમાં બનાવેલું ત્યારે તેનું નામ તારાપુર હતું. તેનો અપભ્રંશ થતાં તારાગાંવ થયું. તેમાંથી તારંગા નામ અત્યારે પ્રસિદ્ધ થયું.

અત્યારે પણ કાચા રસ્તે જતાં એક ટેકરી પર દેવીનું મંદિર છે. તેને લોકો તારણ-ધારણ માતા કહે છે. અત્યારે આ પહાડીઓમાં પુરાતત્વ ખાતું ઈતિહાસનું સંશોધન કરી રહ્યું છે તેવું જાણવા મળેલું.



ઈતિહાસ આગળ વધતાં કહે છે, વિક્રમની ૧લી સદીમાં એટલે કે, ૨૦૦૦ વર્ષ પૂર્વે જૈનાચાર્ય **ખપુટાચાર્ય** આ બાજુ વિચારતા પધાર્યા અને તે વખતે રાજા વત્સરાયને સાચો ધર્મ પમાડ્યો. રાજાને જૈન ધર્મનો (અહિંસા-વાદી) અનુયાયી બનાવ્યો અને તેની પાસે સિદ્ધાયિકા દેવીનું મંદિર બનાવડાવ્યું. તે ટેકરી પર બીજી પણ એક દેવીનું મંદિર છે.

ત્યારબાદ ઘણો સમય વીત્યા પછી ૧૧મી સદીમાં ચૌલુક્યવંશના રાજાઓ આવ્યા. તેમાં રાજા સિદ્ધરાજ જયસિંહ પરાક્રમી રાજા થયો. તે પાટણની ગાદી સંભાળતો રાજા હતો. તેને પુત્રની પ્રાપ્તિ ન થઈ પરંતુ તેના ભાઈ ત્રિભુવનપાળને પુત્રો થયા તેમાં એક કુમારપાળ હતો. ભાવિમાં આ કુમારપાળ રાજા ન બને તે માટે તેને મારી નાંખવાના દાવપેચ રાજા સિદ્ધરાજ દ્વારા શરૂ થયા. કુમારપાળને ખબર પડતાં તે દેશાંતર ભાગી ગયો. ઘણો વખત રઝળપાટ કરી. જ્યારે સિદ્ધરાજનું મૃત્યુ થયું ત્યાર પછી મંત્રીઓએ પરીક્ષા કરી. કુમારપાળને ગુર્જર નરેશ-રાજા તરીકે ઘોષિત કર્યો. હવે તે રાજા બન્યો.

રઝળપાટ દરમિયાન કલિકાલ સર્વજ્ઞ પૂ. હેમચંદ્રાચાર્યે ખંભાતમાં તેની પાછળ પડેલા મારાઓથી બચાવી ઉપાશ્રયમાં છુપાવી આશરો આપેલો અને ત્યાંથી છૂટો થતાં આચાર્યે આશિષ આપી કહેલું, કે તું અમુક દિવસે રાજા બનીશ. વખત જતાં વાણી સાચી પડી. રાજા બનેલા કુમારપાળે યાદ આવતાં ઉપકારી હેમચંદ્રાચાર્યજીનો પોતાના ગુરુ બનાવ્યા.

વિ.સં.૧૨૨૧ (ઈ.સ.૧૧૬૫) માં આ રાજા કુમારપાળે પૂજ્યશ્રીની નિશ્રામાં આ ઉત્તુંગ પ્રાસાદ નિર્માણ કરેલો.

કહેવાય છે કે, રાજા કુમારપાળ જ્યારે પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા હતા તે દરમિયાન અજમેરને જીતવા નીકળ્યા હતા. પરંતુ અજમેર જીતાયુ ન હતું. પાછા વળતાં અરવલીની આ પહાડીઓમાંથી પસાર થતાં અહીં યાત્રા કરી પાછો સંકલ્પ કર્યો. ફરી અજમેર ઉપર ચડાઈ કરી જીત્યા હતા. વિજયની ખુશાલીમાં અહીં તીર્થ વિકસાવ્યું હતું.

બીજી વાત એવી પણ મળે છે કે, જ્યારે કુમારપાળ રઝળપાટ કરતા હતા. ત્યારે આ પહાડીઓમાં છુપાવેશે રહેલા તે વખતે તારણગિરિના ડુંગર ઉપર એક ઝાડના બખોલમાંથી એક ઉંદર બહાર આવ્યો, સાથે ચાંદીનો સિક્કો લાવ્યો. કુમારપાળે જોયું, ફરી અંદર ગયો, ફરી

લાવ્યો. આમ બત્રીસ સિક્કા ચાંદીના કાઢ્યા. કુમારપાળે જોયું કે, આની જરૂર તો મારે છે. ઉંદરને શું કામ આવશે ? એમ વિચારી ઉંદર અંદર ગયો એટલે પેલા ૩૨ સિક્કા લઈ લીધા. ઉંદર બહાર આવી સિક્કાની જગ્યાએ આજુબાજુ ફરવા લાગ્યો અને સિક્કા ન મળવાથી પત્થર સાથે માથું પછાડી મરી ગયો.

કુમારપાળને ઘણો અફસોસ થયો. રાજા બન્યા પછી એકવાર આ ઘટના યાદ આવી. ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લીધું. તે જગ્યાએ જિનાલય બનાવવાનું અને વિશાળ પ્રાસાદ નિર્માણ થયો. સાલ હતી વિ.સં.૧૨૨૧ ત્રીજી વાર્તા મુજબ ઈ.સ. ૧૧૫૦ પહેલાં જ્યારે શાકેભરી ઉપર વિજય મેળવ્યો. ત્યારે અજિતનાથનું જિનાલય બાંધવાનો નિશ્ચય કરેલો. ગુરુ મળ્યા પછી યાદ આવતાં આ જિનાલય બંધાવ્યું. એની વે વાત એટલી છે કે, આ જિનાલય રાજા કુમારપાળે પોતાના દંડનાયક અભય દ્વારા તૈયાર કરાવ્યું છે. આ જિનાલયમાં તેમની ઘોડા ઉપર બેઠેલી પ્રતિમા પણ છે.

મંત્રીશ્વર વસ્તુપાલે પણ આ જિનાલયમાં વિ.સં. ૧૨૮૪-૮૫ માં નાગેન્દ્ર ગચ્છાચાર્ય વિરસેનસૂરિની નિશ્રામાં ફાગણ સુદ-૨ના આદિનાથ ભ. તથા નેમનાથ ભ. ની પ્રતિમા ભરાવી બે ગોખલામાં પ્રતિષ્ઠિત કરેલી જે આજે જોવા મળતી નથી.

૧૫ મી સદીમાં પેથડશાના પુત્ર ઝાંઝણશા ઈ.સ.૧૨૬૪ (પ્રાયઃ) માં સંઘ લઈ યાત્રા કરવા આવેલા આચાર્યશ્રી ધર્મઘોષસૂરિની નિશ્રા હતી.

૧૪ મી સદીના પ્રારંભમાં મુસ્લિમ રાજાઓ તથા મ્લેચ્છોના ભયંકર આક્રમણોમાં ગુજરાતના મોટાભાગના જૈનમંદિરો ધ્વસ્ત થયા. હિન્દુ મંદિરો પણ તૂટ્યા મસ્જિદોમાં ફેરવાયા. તેમાં તારંગા તીર્થ પણ આવી ગયું. બચી શક્યું ન હતું. ત્યારબાદ વિ.સં.૧૪૭૯ માં **ઈડરના ગોવિંદ શ્રેષ્ઠી** દ્વારા આ. સોમસુંદરસૂરિના હસ્તે જિર્ણોદ્ધાર ઈ.સ.૧૪૨૩ કરાવી આરાસણની ખાણમાંથી પાષાણો મંગાવી નૂતન બિંબો નિર્માણ કરાવી પ્રતિષ્ઠા કરાવેલી. આ શ્રેષ્ઠીએ પોતાના જીવનમાં અનેક સુકૃતો કર્યા છે. શત્રુંજયની ટુંકમાં પણ તેઓની પ્રતિષ્ઠાઓના લેખો મળે છે. ત્યારબાદ આ તીર્થનો છેલ્લો જિર્ણોદ્ધાર વિ.સં.૧૬૪૨માં આ. વિજય સેનસૂરીશ્વરજીના હસ્તે થયેલો છે.

કુમારપાળ રાજા પછી ગાદીએ આવેલા જૈન ધર્મના દ્વેષી એવા અજયપાળ રાજાએ તેમના બનાવેલા અનેક જિનાલયો ધ્વસ્ત કર્યા પરંતુ 'રામલા બારોટ' તથા આભૂશેઠના પ્રયત્નથી તારંગાનું જિનાલય બચી ગયું.

જિનાલયની આજુબાજુ અષ્ટાપદ, નંદીશ્વરદ્વીપ, સહસ્રકુટ આદિ મંદિરો ૧૯ મી સદીમાં થયેલાં છે.

આમ આ પ્રાચીન તીર્થ ૮૦૦ વર્ષ જૂનો ઈતિહાસ લઈ બેઠું છે. મૂર્તિતો જોઉં જોઉંને ગમી જાય ! પૂર્વાભિમુખ આ જિનાલયની બાંધણી જ ગમી જાય એવી છે. ૧૨૫ થી ૧૩૦ ફુટ જેટલી તો તેની હાઈટ છે. આગળ ચારે બાજુ વિશાળ ચોગાન છે. ચારે બાજુ પહાડોની શોભા છે. અજિતનાથ દાદાની પ્રતિમા વિશાળ અને મનોહર છે. ત્યાંનું વાતાવરણ ઊર્જા ભરપૂર છે. તીર્થમાં શિબિરો, ઉપધાનો, ઓળી વગેરેની આરાધનાઓ દર વર્ષે થયા કરે છે.

આ જિનાલય ૧૫૦ **X** ૧૦૦ ફુટના ચોકમાં છે. ઘેરાવો ૬૩૯ ફુટનો છે. શિખર ૧૪૨ ફુટ ઊંચાઈવાળુ છે. પ્રતિમા ૧૦૮ ફુટની છે. કુલ ૪ જિનાલયો છે. પાછળ ૫ દિગંબર મંદિરો છે. અહીંથી દક્ષિણમાં ૧ કિ.મી. દૂર ૧લી ટુંક કોટિશિલા છે. ત્યાંથી પૂર્વમાં મોક્ષબારીની ૨જી ટુંક છે. તેને પુણ્યબારી પણ કહેવાય છે. ૩જી ટુંક સિદ્ધશિલા છે. ત્યાંથી વાયવ્યમાં ચઉમુખજીનું મંદિર છે. જે ૧૮૩૬નો ઉલ્લેખ છે.

આ ભવ્ય પ્રાસાદની રચના પથ્થર અને કેગરના લાકડાનો ઉપયોગ કરી થઈ છે. શિખરમાં બે માળ જેટલી ઊંચાઈ છે. ૮૦૦ વર્ષે પણ કેગરના લાકડા જિનાલયને ધારણ કરી ઊભા છે. કહેવાય છે કે, જો આગ લાગે તો આ લાકડામાંથી પ્રવાહી ઉત્પન્ન થાય છે. જેથી આગ આગળ વધી શકે નહીં. કેવી કમાલ કરી છે પૂર્વ પુરુષોએ ? આવો, આવા તીર્થને જુહારીએ.

અતિ પ્રાચીન આ તીર્થ અનેક સ્તવનો અને સ્તોત્રોમાં જૈન કવિઓ તેની પ્રસિદ્ધિ કરીને ગયા છે. આવા મંદિરોના ઊંચા શિખરો ઉપર ફરફરતી ધ્વજાઓ જગતમાં પવિત્ર ઓરા સતત પ્રસાર્યા કરે છે અને જગતનું કલ્યાણ કરે છે. આવા તીર્થોની યાત્રા વર્ષે એકવાર તો અવશ્ય કરવા નીકળવું જોઈએ.

તીર્થયાત્રા કરવી તે કર્તવ્ય છે. સામૂહિક તીર્થયાત્રાથી શું લાભ થાય ? તેની વાત ઉપદેશ પ્રસાદ નામના ગ્રંથમાં ૧૮૨ મા વ્યાખ્યાનમાં કહી છે. ૧લો લાભ છે, 'આરંભની નિવૃત્તિ' અર્થાત્ એટલો સમય સંસારમાં થતા પાપમાંથી છૂટકારો તમને થશે કે, શું સંસારમાં ચોવીશે કલાક પાપ છે ? હા ! પાપ એટલે અશુભધ્યાન, અશુભભાવ !

માણસમાં સ્વાર્થ, અજ્ઞાન અને મોહ આ ત્રણ મોટા દોષો બેઠેલા હોવાથી તેની મોટાભાગની પ્રવૃત્તિમાં આર્ત અને ક્યારેક રૌદ્ર ધ્યાન જ ચાલતું હોય છે. તેનાથી પાપ જ બંધાય છે. જેટલી શુભ પ્રવૃત્તિ થાય તેટલા ભાગમાં પુણ્ય બંધાય ! શુભ પ્રવૃત્તિ કે ધર્મ પ્રવૃત્તિમાં પણ જો સ્વાર્થ બુદ્ધિ હોય, મલિન આશયો હોય તો પુણ્ય પણ પાપના અનુબંધવાળુ બંધાય જે પરંપરાએ વધારે ખાડામાં ઉતારનારું બને !

તીર્થયાત્રાનો વિચાર કરવા માત્રથી શુભભાવ પ્રગટે છે. તેમાં આત્મભાવ છે, ધર્મ પ્રવૃત્તિ હોવાથી. વળી આત્મ કલ્યાણનો આશય હોવાથી તે ધર્મધ્યાન બને છે. જ્યાં સુધી આ ભાવ કે પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી પુણ્યકર્મો બંધાયા કરે અને શુદ્ધ આશય આવતા, આત્મશુદ્ધિ થાય છે. એટલે પુષ્ટિ અને શુદ્ધિ (આત્માની) નું અમૃતચક્ર ચાલુ થાય છે.

વળી, તીર્થયાત્રા માટે થતી જયણાપૂર્વકની નાની-મોટી હિંસા પણ પ્રશસ્ત હોવાથી પાપ બંધ કરાવતી નથી. તેમ છતાં જે કંઈ પાપબંધ વગેરે થવાની શક્યતાઓ છે તેની સામે આત્મહિત વધારે હોવાથી લાભ વધારે છે. જ્યારે નુક્સાન ઓછું છે. આમ પહેલો લાભ આત્માને આરંભ એટલે સંસારના પાપોથી મુક્તિ મળે છે. સામે યાત્રામાં આવતો આનંદ સમ્યક્ત્વાદિ નિર્મળતાનું કારણ બને છે.

બીજા નંબરમાં યાત્રામાં (તીર્થયાત્રામાં) થતો દ્રવ્યનો સદ્વ્યય એટલે ખર્ચો સફળ બને છે. સંસારમાં પાપ કરીને જે ધન ઉપાર્જન થયું છે તેને આત્મહિતના કે અન્યના કલ્યાણના માર્ગે વાપરવાથી તે ધર્મઋદ્ધિનું કારણ બને છે. જેઓ પોતાની ધન-સંપત્તિ ધર્મના માર્ગે વાપરતા નથી તેમની સંપત્તિ કાં તો ભોગ માટે થાય છે કાં તો નાશ પામે છે. સંપત્તિનો ઉપયોગ ભોગ માટે (વિવેક વિના) થાય તે પાપબંધનું કારણ છે માટે નિષ્ફળ છે. હા, સંસારમાં જીવવું પડે માટે વિવેકપૂર્વક વાપરો તો તેનાથી પાપબંધ ઓછો થવા સંભવ ખરો ! પણ ધર્મના માર્ગે સંપત્તિને વાપરવી તે પણ વિવેક છે. વિવેકી આત્મા તે કહેવાય, કે પોતાની ધન-સંપત્તિનો ઉપયોગ ઉદારતા પૂર્વક ધર્મમાર્ગે વાપરે છે. માટે બીજો લાભ દ્રવ્યની સફળતા કહી.

ત્રીજા નંબરે સંઘનું વાત્સલ્ય થાય. જેઓ સંઘ લઈ જઈ અન્યોને પણ યાત્રા કરાવે છે. તેઓ સંઘવાત્સલ્યનું સુંદર પુણ્ય બાંધે છે. કારણ તેમાં ચતુર્વિધ સંઘની નિશ્રા હોય છે અને ચતુર્વિધ સંઘને પણ તીર્થંકર સમાન કહ્યો છે. માટે જે પુણ્યશાળીઓ ચતુર્વિધ શ્રીસંઘની સેવા કરે છે તે તીર્થંકરની રક્ષા કરે છે તેવું શાસ્ત્રો કહે છે. સંઘનું વાત્સલ્ય કરવાનો અવસર મહાભાગ્ય યોગે પ્રાપ્ત થાય છે.

ચોથા નંબરે તીર્થયાત્રામાં પ્રાચીન ચૈત્યોના દર્શન થાય છે. રાજસ્થાન જેવા પ્રદેશોમાં ગામેગામ પ્રાચીન જિનાલયો, પ્રાચીન પ્રતિમાઓના દર્શનથી એક એવો આહ્લાદ થાય છે, કે શબ્દોથી કહી શકાતો નથી. પ્રાચીન મહાપુરુષોએ કેવી જિનભક્તિ કરી હશે. ૭ મી થી લઈ ૧૪ મી સદી સુધીના જિનાલયો હજુ અડીખમ ઊભા છે !

આબુજી ઉપર ઊભેલા વિમલમંત્રીના દહેરા જોતાં તેની કોરણીમાં મન ખોવાઈ જાય. એ મહાપુરુષોના અંતરમાં કેવી જિનભક્તિ હશે. પ્રભુ પ્રત્યે કેવો અહોભાવ ભર્યો હશે, કે પોતાની ધન-સંપત્તિ આખા

જગતને અહીં દાદાના શરણે આવવાની ફરજ પાડે છે.

રાણકપુરના જિનાલયો-૧૪૪૪ થાંભલા, ચઉમુખી પ્રતિમાઓ ! કેવું દેવવિમાન જેવું જિનાલય ! આત્મા ઠરી જાય તેવા સ્થાપત્યો દૃષ્ટિને નિર્મળ કરે છે. યાત્રા કરે તેને આ બધો લાભ થાય. માત્ર સંસાર ખેડ્યા કરે તેના કપાળમાં સંસાર જ ભટકાયા કરે ! સંસારથી છૂટવાનો એક ઉપાય એટલે પ્રાચીન તીર્થોની યાત્રા, અર્વાચીન તીર્થોની યાત્રા !

પાંચમા નંબરે યાત્રા કરવાથી અંતરાત્મામાં જિનવચનની માન્યતા પ્રસ્થાપિત થાય. જિનેશ્વરદેવને માનવા, પૂજવા, આદરવા એટલે જિનવચનનો આદર કરવો. મારા પ્રભુ જ મહાન છે, મારા પ્રભુ જ સાચા છે, મારા પ્રભુ જ મારું કલ્યાણ કરનાર છે. આ જગતમાં પ્રભુ અને પ્રભુના વચનથી કોઈ મહાન નથી. કોઈ તત્ત્વ નથી ! પ્રભુ ગમે તેને પ્રભુના વચનો ગમવાના. પ્રભુનો પક્ષપાત આવે એટલે સમકિતના દરવાજા ખૂલે, મિથ્યાત્વ જાય. યાત્રા કરવાથી આ પાંચમો આંતરશુદ્ધિનો લાભ થાય છે.

છઠ્ઠા નંબરે યાત્રા કરવાથી 'સિદ્ધિનું સામીપ્ય' મળે. તમે જે પણ ધર્મ પ્રવૃત્તિ કરો છો તે આત્મ કલ્યાણ માટે કરો છો, મોક્ષ માટે કરો છો. માટે તે તમામ પ્રવૃત્તિ 'યોગ' કહેવાય છે. આ યોગની સિદ્ધિ થાય તેમાં મદદ કરનાર તીર્થની યાત્રાઓ છે. યાત્રાઓથી થતા પુણ્યથી, આત્માની શુદ્ધિથી, અંતરની નિર્મળતાથી ધ્યેયની સિદ્ધિ તરફ ઝડપથી જવાય છે. એટલે વિધિપૂર્વક કરેલી તીર્થ યાત્રાઓ સિદ્ધિની સમીપ લઈ જાય છે.

તમે ખુદ તીર્થયાત્રા કરો અને તમારી સાથે તમારા સ્વજનોને પણ કરાવો તો તમારા સ્વજનોનું પણ હિત થાય છે. તેમનો પણ આત્મ કલ્યાણનો માર્ગ શરૂ થાય છે. આત્મહિત કરનાર સાચો સ્વજન છે. તીર્થયાત્રા કરવાથી તીર્થનો મહિમા વધે છે. તેમ તેનો પ્રભાવ વધે છે. અનેક લોકો આવે છે અને આ રીતે તીર્થની ઉન્નત્તિ થવાથી લાંબા કાળ સુધી આવનાર યાત્રિકોનું તીર્થો કલ્યાણ કરે છે.

તીર્થયાત્રા દરમિયાન આયુષ્ય બંધ થાય તો દેવ કે મનુષ્યભવનો સદ્ગતિનો થાય છે. કારણ સતત શુભભાવમાં માણસ વર્તતો હોવાથી શુભબંધ થાય છે. તીર્થની સેવાથી, જિનભક્તિ ઉત્કૃષ્ટપણે કરવાથી છેક તીર્થંકર નામ કર્મનો પણ બંધ થવાની સંભાવના છે. શું રાવણ રાજાએ અષ્ટાપદ પર્વત ઉપર જિનભક્તિ કરતાં તીર્થંકર નામ કર્મ ન હતું બાંધ્યું ? ''રાવણરાયે નાટક કરતાં તીર્થંકર પદ બાંધ્યું રે...'' આવા અનેક લાભો તીર્થયાત્રાના છે.

પૂર્વે અષ્ટાપદ તીર્થની વાત કહી, જ્યાં ભરત મહારાજાએ સિંહનિષદ્યા મહાપ્રાસાદમાં ૨૪ તીર્થંકરોની રત્નમય વર્ણાનુસારી પ્રતિમાઓ ભરાવી પ્રતિષ્ઠિત કરી. ત્યારબાદ અહીં કોઈ આવે નહીં એટલે સુરક્ષા માટે પર્વતને આઠ પગથિયાવાળો કરી વજ્રથી છોલી નાંખ્યો. એટલે મનુષ્યો માટે તો દુર્ગમ બન્યો. તેઓએ પણ આવું વિચારી ઋષભદેવ સ્વામીની એક સુંદર પ્રતિમા લોકાનુગ્રહાર્થ એટલે અહીં આવી ન શકનાર લોકો ઉપર ઉપકાર થાય તેના માટે નિર્મળ મરકત મણિમય પ્રતિમા ભરાવી. જે પ્રતિમાના બન્ને ખભા ઉપર મસ્તકના વાળની લટો-જટા હતી, ચિબૂક ઉપર સૂર્ય, લલાટ ઉપર ચંદ્ર અને નાભિ ઉપર શિવલિંગ વાળી હતી. જે માણિક્યદેવના નામે પ્રખ્યાત થઈ.

આ પ્રતિમા એકવાર યાત્રા માટે આવેલા વિદ્યાધરોના જોવામાં આવી તેઓ દર્શન કરી આભા બની ગયા. અપૂર્વ રૂપવાળી આ પ્રતિમા હતી તે પ્રતિમાને પૂજા કરવા માટે પોતાની સાથે વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં પોતાના સ્થાનમાં લઈ ગયા. ત્યાં પૂજા કરવા લાગ્યા.

એકવાર નારદઋષિ ફરતા ફરતા વૈતાઢ્ય પર્વત ઉપર ગયા હતા. તેઓએ આ અદ્ભુત પ્રતિમા જોઈ વિદ્યાધરોને પૂછ્યું, કે આ પ્રતિમા ક્યાંથી આવી ? ત્યારે વિદ્યાધરોએ કહ્યું, ''અમે અયોધ્યાથી લાવ્યા છીએ. આ મૂર્તિના પગલે અમારી ઋદ્ધિ પ્રતિદિન વધી રહી છે.''

આ સાંભળી નારદઋષિએ સ્વર્ગમાં ઈન્દ્ર આગળ આ પ્રતિમાનો મહિમા કર્યો. ઈન્દ્ર મહારાજાને પણ આ

પ્રતિમાની પૂજા કરવાની ઈચ્છા જાગી અને તે પ્રતિમાને સ્વર્ગમાં મંગાવી ત્યાં પૂજા કરવા લાગ્યા. આ સમય હતો ૨૦મા મુનિસુવ્રતસ્વામી અને ૨૧મા નમિનાથસ્વામી વચ્ચેનો !

ત્યારબાદ નારદજી એકવાર લંકામાં ગયા હશે. ત્યાં રાજા રાવણ અને તેની પટ્ટરાણી મંદોદરી સમક્ષ આ અદ્‌ભુત પ્રતિમાની વાત કરી. રાણી મંદોદરી મહાસતી હતી. નિર્મલ સમકિતધારી હતી. પ્રતિમાની આ વાત સાંભળી જલદીમાં જલદી તેને મેળવવાની ઝંખના જાગી. મહારાજા રાવણને વાત કરી. પ્રતિમાની પૂજા ન થાય ત્યાં સુધી અમુક અભિગ્રહ લીધો. રાવણરાજાએ પટ્ટરાણીની માંગ પૂરી કરવા ઈન્દ્ર મહારાજાને પ્રસન્ન કરવા આરાધના કરી અને ઈન્દ્ર મહારાજાએ પણ પ્રસન્ન થઈ એક દિવસ તે પ્રતિમા સહર્ષ રાવણ રાજાને અર્પણ કરી. રાણી મંદોદરી વગેરે ખૂબ ભાવપૂર્વક ત્રિકાળ પૂજા કરવા લાગ્યાં.

ત્યારબાદ એકવાર રાવણ રાજાએ સતી સીતાનું અપહરણ કરીને પોતાના ઉદ્યાનમાં લાવ્યો. સીતાને પોતાની પટ્ટરાણી બનાવવા ખૂબ સમજાવવા લાગ્યો. સીતા તો મહાસતી હતા. એ માને શેના ? રાણી મંદોદરીએ પોતાના સ્વામી રાવણને સીતા સતીની જીદ છોડવા ખૂબ સમજાવ્યો છતાં રાવણ માનવા તૈયાર ન થયો.

મંદોદરી રાણી ચિંતામાં પડ્યાં. એકવાર રાત્રે સ્વપ્નમાં અધિષ્ઠાયકે આવીને કહ્યું, કે રાવણની આ અયોગ્ય પ્રવૃત્તિથી ભાવિમાં લંકાનો ભંગ થશે. રાવણને કમોતે મરવું પડશે અને પ્રતિમાને ત્યાંથી લઈ સમુદ્રમાં દેવોને સોંપવામાં આવી. ત્યારબાદ તે પ્રતિમા સમુદ્રના દેવો દ્વારા પૂજાવા લાગી.

હવે સમુદ્રમાંથી આ પ્રતિમા અહીં પૃથ્વી પર કેવી રીતે આવી. તેનો ઈતિહાસ કહે છે, કે કન્નડ દેશમાં કલ્યાણનગરમાં શંકર નામનો રાજા થયો. તે જિનેશ્વરદેવનો પરમ ભક્ત હતો. કોઈ મિથ્યાત્વી દેવે કુપિત થઈ તેના રાજ્યમાં મહામારીનો રોગ પેદા કર્યો. લોકો ટપોટપ મરવા લાગ્યા. રાજાને ખૂબ ચિંતા થઈ.

પરગજુ અને જિનભક્ત રાજાને ચિંતામાં જોઈ પદ્માવતી દેવી તેના સ્વપ્નમાં જઈ કહ્યું, કે 'હે રાજન ! સમુદ્રમાં માણિક્યદેવની મૂર્તિ છે. તેને તમારા નગરમાં લાવી પૂજા કરશો તો બધાનું કલ્યાણ થશે. ત્યારે રાજાએ સમુદ્ર કિનારે જઈ દેવોને પ્રસન્ન કરવા ઉપવાસ કર્યો. લવણસમુદ્રનો અધિષ્ઠાયક દેવ પ્રગટ થઈ રાજાની ઈચ્છા પૂરી કરવા રાજાએ માંગ્યા મુજબ પ્રતિમા લાવીને અર્પણ કરો. રાજાને કહ્યું, "જાઓ તમારા દેશના લોકો સુખી થશે. માર્ગમાં જ્યાં તમને સંદેહ થાય ત્યાં આ પ્રતિમાને સ્થાપિત કરજો."

રાજા પ્રતિમા લઈ ગાડામાં નીકળ્યા. દુર્ગમ માર્ગ પસાર કર્યા પછી જોયું કે ભગવાનનું ગાડું આવ્યું કે નહીં ? ત્યારે તે સ્થાન ઉપર શાસનદેવીને પ્રતિમાને ત્યાં સ્થાપના કરવા રાજાને કહ્યું તે સ્થાન હતું. તિલંગ દેશનું કુલપાક નગર જે 'દક્ષિણ વારાણસી' નામથી પણ પ્રસિદ્ધ છે. સમુદ્રમાં ઘણો કાળ રહેવાથી પ્રતિમા કઠણ બની ગઈ હતી.

રાજાએ ત્યાં શ્રેષ્ઠ પ્રાસાદ બનાવ્યો અને દેવપૂજા માટે ૧૨ ગામો ભેટ આપ્યા. પહેલાં કહે છે કે, ભગવાન સિંહાસન ઉપર અધ્ધર હતા. ત્યારબાદ સંવત ૬૮૦ માં મ્લેચ્છોના આક્રમણ વખતે સિંહાસનસ્થ થયા. અત્યારે પણ કહેવાય છે પ્રભુનો અત્યંત મહિમા છે. પૂજકોને અનેક ચમત્કારો મળે છે. આમ કુલપાકજી તીર્થ પ્રખ્યાત બન્યું. આવા પ્રતિમાજી જે સ્વર્ગમાંથી આવ્યા બાદ ૧૧,૮૦,૯૦૫ વર્ષ પૃથ્વી પર રહ્યા અને હવે કુલપાક તીર્થમાં બિરાજમાન છે. આવા પ્રાચીન તીર્થનો ઈતિહાસ જાણી શ્રદ્ધાપૂર્વક તીર્થની યાત્રા કરવી જોઈએ.

આ સંશોધનનો વિષય નથી. શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધાળુ પ્રભુને પ્રેમ કરી તરી જાય છે. જેનો દેવો પણ મહિમા કરે છે. તેનો મનુષ્યોએ તો કેવો કરવો જોઈએ.

બીજી કથા મુજબ આ પ્રતિમા ભરત મહારાજાએ પોતાની વીંટીના રત્નમાંથી બનાવી હતી એવી એક વાર્તા પણ છે.

(માણિક્યદેવ તીર્થ કલ્પમાંથી પુસ્તક કુલપાક તીર્થ)

# પરિણતિની Jain ફિલોસોફી-૨

વિદ્યાર્થી : સર પ્રણામ ! પ્લીઝ પેલી 'પરિણતિ'ની વાત આગળ કહોને ! પ્રશ્ન હતો. 'હું સારા કાર્યો જ કરતો રહું' અને ગમે તેવા નિમિત્તોમાં પાપ કાર્યો તો ન જ કરું.' આવું કરવા શું કરું ?

સર : વત્સ ! તેં જાણ્યુ કે, અનંતભવોમાં કરેલી શુભ-અશુભ પ્રવૃત્તિથી શુભ-અશુભ સંસ્કારો તૈયાર થયા છે અને તે બન્ને પ્રકારના સંસ્કારો એટલે કે, 'પરિણતિ' આત્મામાં પડી જ છે. શુભ પરિણતિ સારી છે. તેનાથી લાભ છે. પણ અશુભ પરિણતિઓનું શું ? તે તો કાઢવા જેવી છે. તે જ્યાં સુધી આત્મામાં છે ત્યાં સુધી અશુભ પ્રવૃત્તિની પ્રેરણા કરતી રહેશે અને જીવ અશુભ કાર્યો કરી દુર્ગતિમાં ભટકતો રહેશે. આ પરિસ્થિતિને હવે સુલટાવવી છે ?

વિદ્યાર્થી : હા સર ! ચોકકસ સુલટાવવી છે.

સર : વત્સ ! સાંભળ. સ્વામી વિવેકાનંદે તથા સુશ્રાવક વીરચંદ રાઘવજીએ અમેરિકાની ધર્મ પરિષદમાં સુંદર વક્તવ્યો આપ્યા. વીરચંદ રાઘવજીના જૈન ફિલોસોફી ઉપરના વ્યાખ્યાનો તથા આપણી મૂળ અહિંસક સંસ્કૃતિના વ્યાખ્યાનોની અમેરિકનો સહિત સ્વામી ઉપર પણ ઘણી ઊંડી અસર પડી. તે રીતે સ્વામીજીના વ્યાખ્યાનો સાંભળી ત્યાંના લોકોને ખૂબ પ્રશંસા કરી તેમાં એક લેડી એટલી બધી ફીદા બની ગઈ, કે સ્વામીજી સાથે લગ્ન કરવાનની ઑફર કરી.

બ્રહ્મચારી સ્વામીજીએ નમ્રતાથી કહ્યું, તમે તો મારી માતા સમાન છો. આ શબ્દોએ પેલી લેડીને શરમીંદા બનાવી દીધા.

હવે સમજો, વાસનાના સંસ્કારો દરેકમાં પડેલા જ છે. વાસનાની પરિણતિ ઉત્પન્ન થવા આ લેડી સબળ નિમિત્ત સામે આવવા છતાં કહી શકાય કે સ્વામીજીએ બ્રહ્મચર્ય એવું સિદ્ધ કરેલું કે, લેડી સામે હોવા છતાં બ્રહ્મની પરિણતિએ શુભ વિચાર જ ઉત્પન્ન કર્યો. અશુભ નહીં.

એટલે નોટ કરો કે, સારી પરિણતિઓ દઢ કરવાથી ખરાબ નિમિત્તો સામે મળવા છતાં ખોટા વિચાર (વિકલ્પ) આવતા નથી - અટકી જાય છે. માટે હંમેશા સારી પવૃત્તિ કરવા દ્વારા સારી પરિણતિઓને ઊભી કરવી. ખરાબ નિમિત્તો બને તો છોડવા, આવી જ પડે તો મનને દઢ કરી ખોટા વિકલ્પો આવવા જ ન દેવા. જેથી ખોટી પ્રવૃત્તિ જ ન થાય !

કંડરિક મુનિની વાત આવે છે. ૧૦૦૦ વર્ષનું અખંડ સંયમ પાળ્યું હતું. પાંચે મહાવ્રતો પાળવા દ્વારા શુભ પરિણતિઓ સદા ઉદયમાં રહેતી. પરંતુ નિકાચિત કર્મના ઉદયે શરીરમાં રોગ થયો. શરીર ગળવા લાગ્યું. દિવસો વીતવા લાગ્યા. તેમના ભાઈ પુંડરિક રાજા હતા. તેમને ખબર પડી. ઔષધ કરવા માટે પોતાના નગરમાં આચાર્ય ભગવંતને વિનંતી કરી આવ્યા. ઔષધ ચાલુ થયા. આચાર્ય ભ. વિહાર કરી ગયા. મુનિ કંડરિક શક્તિદાયક ખાન-પાન અનુપાન મળવાથી શરીર વળવા લાગ્યું. સાથે સાથે હજાર વર્ષથી પળાતા સંયમની પરિણતિ પણ ગળવા લાગી. રસ-ગૃદ્ધિ કરનાર અનુપાન વગેરે મુનિને ગમવા લાગ્યા. રસત્યાગની પરિણતિએ વિદાય લીધી. રસલોલુપતા નામની ડાકણ તેમનામાં આવીને વસી ગઈ. મુનિ હવે તગડા થવા લાગ્યા.

ભાઈ પુંડરિક રાજાએ મુનિની પરિચર્યા પૂરી થવાના સમાચાર આપી વિહાર કરવા વિનંતી કરી. પણ મુનિ લુબ્ધ થયેલા હતા. હવે પેલા ઔષધો અને અનુપાન વિના ચેન પડતું નથી. વિહારની ના પાડી. વારંવાર વિનંતી છતાં ભાઈની રસગૃદ્ધિ જોઈ વૈરાગ્ય પામી ખુદ પોતાના ભાઈ કંડરિકને રાજ્યગાદી આપી પુંડરિકરાજા સંયમી બની ચાલી નીકળ્યા. કહે છે, કંડરિકમુનિ મરીને સાતમી નરકે ગયા. પરિણતિ બદલાઈને આખી પથારી ફરી ગઈ ! ૧૦૦૦ વર્ષનું સંયમ બળીને ખાખ થઈ ગયું !

વિદ્યાર્થી : સર ! આ સાંભળી મારું અંતર વલોવાઈ ગયું છે. ખરાબ-નબળા નિમિત્તો સારી પરિણતિઓને પણ દબાવી નાશ કરે છે. એટલે ફોક્સ તો ખરાબ નિમિત્તો છોડવા તે જ નહીં ?

સર ! બિલકુલ બરાબર ! વત્સ, સજજનો, સારા કુળવાન માણસો મોટેભાગે ખરાબ નિમિત્તોને સામે ચાલીને તો મેળવતા નથી. પણ મળી જાય તો ત્યાંથી

ભાગી જાય છે. કહે છે, કે વાઘ જેમ આગ જોઈ ભય પામીને ભાગી જાય છે. તેમ સંયમી સાધુઓ સ્ત્રીની સાડીનું વસ્ત્ર માત્ર જોઈ ત્યાંથી ભાગી જાય છે ! અર્થાત્ પોતે સમર્થ હોવા છતાં નબળા નિમિત્તોમાં પણ ઊભા રહેતા નથી.

વિદ્યાર્થી : સર ! મેં સાંભળેલ કે, મુનિ સ્થૂલભદ્રજી સામે ચાલીને વેશ્યાના ત્યાં ચોમાસું કરવા ગયા હતા. વળી ગુરુએ પણ રજા આપેલી સાચી વાત ? તો મુનિશ્રીએ આવા અશુભ નિમિત્તને કેમ સ્વીકાર્યું ?

સર : વત્સ ! ઔરંગઝેબે ઝેરને પચાવેલું એટલે હવે તે ઝેર પીએ તો પણ જીવતો હતો. તે જેના ઉપર થૂંકે તેને ઝેર ચઢી જતું એટલું ઝેર તેના થૂંકમાં હતું. તો શરીરમાં કેટલું હશે ? છતાં તે જીવતો હતો.

તેમ મુનિ સ્થૂલભદ્રજીએ કઠોર સાધના કરવા દ્વારા બ્રહ્મચર્યને એટલું બધું સિદ્ધ કરેલું, કે તેમને આત્મ વિશ્વાસ હતો, કે તેઓ મનથી પણ નબળો વિચાર નહીં કરે. ધ્યાન-સાધનાથી આવી સિદ્ધિઓ મળતી હતી. માટે જ્ઞાની ગુરુએ તેમને વેશ્યાને ત્યાં ચોમાસું કરવાની રજા આપેલી ! ગુરુ જ્ઞાની હતા એટલે લાભાલાભ જોઈ રજા આપે તેમાં શંકા કરવી નહિ.



હવે, એ પણ વિચારવું, કે તે મુનિના સહવાસથી તેમની શુભ-શુદ્ધતમ ઑરાથી વેશ્યા બારવ્રતધારી શ્રાવિકા બની ગઈ. પરંતુ વેશ્યાના અનેક પ્રયત્નો છતાં મુનિનું રૂંવાડું પણ ફરક્યું નહીં. આ દૃષ્ટાંત લઈ વર્તમાનમાં આવો પ્રયોગ કરવા જેવો નથી. કહેવાય છે, કે સ્થૂલભદ્રજી અને તેમનું બ્રહ્મચર્ય ૮૪ ચોવિસી સુધી યાદ રહેશે તે કેવી રીતે તે સાંભળ !

ચોર્યાસી ચોવિસી બાદ એક સાધુ ભગવંત કોઈ ઘરમાં ગોચરી ગયા હશે. 'ધર્મલાભ' અવાજ સાંભળી વૉશરૂમમાં સ્નાન કરી રહેલા કોઈ બેન ખુલ્લા બદને જ સાધુ મહારાજને પ્રતિલાભવા બાથરૂમમાંથી દોડી આવશે... પધારો... પધારો... બોલે ત્યાં તો પેલા મુનિ તેમને જોઈ શરમાઈ પોતાની આંખ બંધ કરી. સાઈડમાં ફરી જઈ કહેશે, બહેન વસ્ત્ર પહેરીને આવો "હું કંઈ સ્થૂલભદ્ર નથી?" આ શું બતાવે છે ?

વત્સ ! સારી પરિણતિઓ જીવને સારા વિચારો આપી ધર્મમાં જોડે છે. સારા આચારોમાં જોડે છે. ખરાબ પરિણતિઓ જીવને પાપકાર્યમાં જોડે છે. યહ ભી સચ હૈ કી, જીવે અનંતભવોમાં મોટાભાગે અશુભ પરિણતિઓ જ ભેગી કરી છે. શુભ ઓછી ! એટલે જીવ જો ધ્યાન ન રાખે, સરખો પુરુષાર્થ ન કરે તો ક્યારેય ઊંચો ન આવે તેવી સ્થિતિ છે.

વિદ્યાર્થી : તો સર ! આ અશુભ પરિણતિઓને કાઢવા અને શુભને લાવવા શું કરવું તે કહો.

સર : વત્સ, કોકડું વીંટાઈ ગયા પછી ખબર પડે કે ઊંધુ વીંટાઈ ગયું છે ! તો શું કરવાનું ? ખોલવું પડે ને ? એટલે કે, હવે તે કોકડાને ખોલતા જવું અને સીધું વીંટતા જવું તે ઉપાય છે.

એટલે કે, દા.ત. ખાવાની પરિણતિને તોડવા ન ખાવાના પચ્ચક્ખાણ કરતા જવા, વારંવાર ખાવાની પ્રવૃત્તિઓ ઉપર બ્રેક મારતા જવું એટલે ખાવાના સંસ્કારો તૂટતા જાય અને ત્યાગના સંસ્કારો પડતા જાય !

વિદ્યાર્થી : સર ! આપણે રાગ-દ્વેષ વિના જ વારંવાર ખાતા હોઈએ તો શું કર્મબંધ થાય ? સાંભળ્યું છે, કે રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે. માત્ર પ્રવૃત્તિથી નહીં !

સર : વત્સ, જે રાગ-દ્વેષ વિના ખાય તે મહાયોગીને ઘટે છે. સામાન્ય વ્યક્તિને આ વાત ઘટતી નથી. ખાવા છતાં રાગ-દ્વેષ ન થવા તે ઘણા અભ્યાસ પછી ઉત્પન્ન થયેલી સિદ્ધિ છે તે યોગીઓને ઘટે છે. સમજો, રાગ-દ્વેષ

નથી એટલે ખાવા છતાં કર્મબંધ પણ નથી તેમ છતાં એક વાત નોંધી લો, કે વારંવાર ખાવાની પ્રવૃત્તિથી જીવને ખાવાના સંસ્કારો પડે છે.

આ સંસ્કારો બીજા ભવમાં ટ્રાન્સફર થાય છે અને બીજા ભવમાં જો આવો યોગ-સિદ્ધિ ન મળી તો પેલા ખાવાના સંસ્કારો-ખાવાની પરિણતિ ખાવાનું નિમિત્ત મળતાં ઉદયમાં આવશે અને જીવને રાચી-માચીને ખવડાવશે. પૂર્વભવમાં કરેલી સાધના ધૂળભેગી કરશે ! સમજ્યો ! એટલે રાગ-દ્વેષ વિના ખાવું તે નિશ્ચયની સાધના છે, તેમ વારંવાર ન ખાવું તે વ્યવહારની સાધના છે. આવા વ્યવહારથી જ નિશ્ચય તરફ જવાય છે.

વિદ્યારર્થી : સર હવે તો મને વધારે મૂંઝવણ થાય છે, કે હું શું કરું ? આવા યોગીઓ પણ ચૂકી જાય તો મારા જેવા તુચ્છનું શું ગજું ?

સર : વત્સ, ડરવાનની જરૂર નથી. મારા પ્રભુએ સહુને માટે સુપર ટેક્નોલોજી આપી છે. હિંસાદિ ભયંકર વાયરસની સામે એવા અસરકારક ઔષધો આપ્યા છે, મનના વિચારોને ખાળવા એવા સોફ્ટવેર આપ્યા છે. જે વર્તમાનમાં પણ સમ્યગ્ પુરુષાર્થ કરી માર્ગ ઉપર ચાલી શકાય છે. જે માર્ગ પ્રભુ પાસે લઈ જાય છે.

વિદ્યાર્થી : તો સર ! મને તે સોફ્ટવેર આપો અને તે ઔષધ આપો જેથી મારા જીવનને સફળ કરું ?

સર : વત્સ, તે છે, યોગસાધનાનો માર્ગ અર્થાત્ રત્નત્રયીની આરાધના, પંચાચારનું પાલન અને ઈશાનુગ્રહ માટે ઉત્કૃષ્ટ જિનભક્તિનો દ્રવ્ય-ભાવ માર્ગ.

વત્સ, તું આ આરાધના-સાધનાને સુસાધુના ચરણે બેસી જાણ અને જીવનમાં અપનાવ એટલે બેડોપાર. જૈનદર્શનનો આખો ક્રિયામાર્ગ તે નિશ્ચયરૂપ આત્મશુદ્ધિ માટે ઉપાય સ્વરૂપ છે. આત્મશુદ્ધિના ધ્યેયપૂર્વક લોકોત્તર ક્રિયામાર્ગમાં વિધિ-વિધાન અને શુદ્ધિપૂર્વકનું અનુસરણ તે સુંદર ઉપાય છે.

વિદ્યાર્થી : સર ! તેનાથી ખરાબ પરિણતિઓ જાય ? સારીનું આધાન થાય ?

સર : ચોક્કસ, ક્રિયામાર્ગ તેના માટે છે. જે અશુભ પરિણતિને કાઢી શુભનું આધાન કરે છે. માટે તો તે ક્રિયાઓ રોજ કરવાની છે. સામાયિક માટે શું લખ્યું ? ''બહુસો સામાઈયં કુજ્જા !'' જો તમારે મમતા કાઢીને સમતા સાધવી છે, તો તમે વારંવાર સામાયિક કરો. સામાયિકમાં રહેલો શ્રાવક સાધુ જેવો બની જાય છે ! કમાલ છે ને ? પ્રભુના વચનોમાં શંકા નહીં કરતો. વત્સ ! નહીં તો કિનારે આવેલો ડૂબી જઈશ !

જેમ શરીર સંબંધી ક્રિયાઓ નિત્ય છે. ઊંઘવું, જાગવું, ખાવું, પીવું, સ્નાન, લેટરીન વગેરે નિત્ય છે. તેમ આત્મા સંબંધી તમામ ક્રિયાઓને નિત્ય કરવી જોઈએ. સવાર પડે એટલે સામાયિક, પ્રતિક્રમણ, ત્રિકાળ દર્શન-પૂજા-સ્નાત્ર-દેવવંદન, પ્રવચન શ્રવણ, દાન, દયા, શીલ નાનું-મોટું તપ, ક્રોધાદિ કષાયોનો નિગ્રહ, વિષયોની મંદતા કરતા જવું. વ્રત-આચારોનું પાલન આ બધો વિસ્તાર શુભ પરિણતિઓનું આધાન કરી આત્મ વિકાસના પંથે જીવને ચડાવી છેક મોક્ષ સુધી પહોંચાડે છે.

શુભ ક્રિયાઓ જેમ શુભ ભાવનાઓનું ભાવન પણ સાથે હોવું જરૂરી છે. તેનાથી રીઝલ્ટ ચોક્કસ અને જલદી આવે છે. માટે કહ્યું, ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવલજ્ઞાન. અમૃતવેલની સજ્ઝાયમાં લખ્યું, ''ભાવીએ શુદ્ધ નય ભાવના પાવનાશય તણું ઠામ રે'' એટલે ક્રિયા સાથે ભાવનાઓ પણ ભાવતા રહેવું જોઈએ.

શુભ ક્રિયાઓ જેમ શુભ ભાવનાઓ સાથે જોડે છે. પછી ક્યારેક ક્રિયાઓ છૂટી જાય તો પણ ભાવનાઓનો પ્રવાહ-ચિંતન સતત ચાલ્યા કરે છે. તે ભાવનાઓ પણ અંતે મનની એકાગ્રતા સ્વરૂપ ધ્યાન યોગને લાવી આપે છે. ધ્યાનયોગી પણ ધ્યાન દરમિયાન વચ્ચે વચ્ચે જ્યારે ધ્યાન બદલાય (ધ્યાન ૪૮ મિનિટથી વધારે ટકી શકતું નથી. આંતરો આવે જ છે.) ત્યારે ભાવનાના ચિંતનનો આશ્રય લઈ પાછા ધ્યાનયોગમાં ચડી જવાય છે. આમ ત્રણે ચીજોનો મેળ છે. પ્રવૃત્તિ (અધ્યયન-અભ્યાસ કે સ્વાધ્યાય) કરતાં કરતાં તે વિષયની ભાવનાના ચિંતનમાં જવું. ત્યારે પ્રવૃત્તિ પ્રાયઃ બંધ થઈ જાય. મનની એકાગ્રતા સધાય. તે ભાવનાના બળે ધ્યાન થાય અને આમ ધ્યાન અને ભાવનાની જુગલબંધી ચાલ્યા કરે. તેમાંથી આત્મ સ્થિરતા આવે.ખૂબ કર્મનિર્જરા થાય, પ્રચંડ પુણ્યબંધ થાય વગેરે સાધકને અનેક લાભ એક સાથે થાય.

પરિણતિની આ સામાન્ય સમજ આપી છે. હજુ ઘણું બાકી છે.

ક્રમશઃ

## બે પ્રકારે ધર્મ :
## ક્રિયાત્મક અને ગુણાત્મક

આ. હેમરત્નસૂરિ

**૨. જાપ સાધના :** બીજો ધર્મ છે જાપસાધના. તમે રોજ કમ સે કમ ૧૦૮ નવકાર મંત્રનો જાપ કરો. શ્રાવક તરીકે રોજ એક માળાનો જાપ તો કરવો જોઈએ. જાપદ્વારા ચિત્તના પરિણામો નિર્મળ થાય છે. મનની મલિનતાઓ દૂર થાય છે. આજ લગી આપણે મનથી ધનનું અને સ્ત્રીનું ખૂબ રટણ કર્યું છે. તેના રટણ કરી કરીને મનને ખૂબ મેલું કર્યું છે. મેલા મનને સાફ કરવા પ્રભુનું સ્મરણ અત્યંત આવશ્યક છે. આજે યુવા પેઢીમાં જાપયોગ સાવ જ અલોપ થઈ ગયો છે. પશ્ચિમના રવાડે ચડીને તમે આવી



ઘણી બધી મૂલ્યવંતી ચીજો ગુમાવી બેઠા છો. આજે તમને જાપમાં બેસતાં માળા પકડતા પણ શરમ આવે છે. અમેરિકાવાળા જ્યારે ટી.વી. પર યોગાસનોના ક્લાસો ચલાવવા લાગ્યા ત્યારે તમે બેડરૂમના બારણાં બંધ કરીને યોગાસનો કરવાના ચાલુ કરી દીધા. આવતીકાલે સાયન્સ આ જાપ સાધનાનો પણ સ્વીકાર કરશે. ટી.વી. પર જાપ સાધનાના પ્રયોગો અને વિધિઓ દર્શાવાશે. બસ ! હવે એ સમય બહુ જલદી આવી રહ્યો છે. પૈસાવાળા માણસોના માનસિક રોગો વધી ગયા છે. ચિંતા, અજંપો, બળાપો, ક્રોધ, ભય આદિ અનેક મેન્ટલ ડિસીઝથી ધનાઢ્યો પીડાઈ રહ્યા છે. મનના દર્દોની મંત્ર સિવાય કોઈ દવા નથી. મંત્રોમાં સર્વશ્રેષ્ઠ મંત્ર નવકારમંત્ર છે. એમાં અનંતાનંત પંચપરમેષ્ઠી ભગવંતોનું અધિષ્ઠાન છે. એમાં અસંખ્ય દેવ, દેવીઓનું અધિષ્ઠાન છે. એમાં ૬૮ તીર્થોનો સમાવેશ છે. નવકારમાં શું નથી તે સવાલ છે ! આવા મંત્રાધિરાજ શ્રી નવકારની તમે રોજ સવારે એક બાંધી માળા ગણો, તો તમારી તમામ આધિ-વ્યાધિ અને ઉપાધિઓ પલાયન થઈ જશે. તમારું ચિત્ત પ્રસન્નતાથી ઊભરાશે. ઘરમાં શાંતિ પ્રસરશે. ક્લેશ-કંકાસ દૂર થઈ જશે. તમે ઘરના દરેક સભ્યોને એકેક માળા ગણવાની ફરજ પાડો.

**૩. પ્રાર્થના :** ત્રીજો દૈનિક ધર્મ પ્રાર્થના. તમે ઘરના તમામ સભ્યો ભેગા મળીને સૂતા પૂર્વે રોજ પાંચ સ્તુતિ, સ્તવન કે ભક્તિગીત બોલીને પ્રભુને પ્રાર્થના કરો. પૂર્વકાળમાં ઘરે ઘરમાં ગૃહમંદિરો હતાં, આજે દરેક ઘરમાં ડ્રોઈંગરૂમ છે, બાથરૂમ છે, કીચનરૂમ છે, પણ મંદિર નથી. જ્યારે મંદિરો હતાં ત્યારે ઘરેઘરમાં ત્રિકાળ પ્રભુભક્તિ ચાલતી.

આજે તમે મંદિરમાં જઈને ભક્તિ કરતા હશો, ઉપાશ્રયોમાં જઈને સત્સંગ કરતા હશો, પણ ઘરમાં બેસીને ધર્મઆરાધના કરો છો ખરા ? ઘરમાં શું કરો છો ? આખો દિવસ માત્ર પાપ ! નવરાશના સમયમાં મૉબાઈલ ! ઘરમાંથી ધર્મ વિદાય થઈ ગયો છે. બાળકોને ઘરમાં ધર્મ આરાધના જોવા મળતી નથી. જોયા વિના એ શું શીખશે ? કૂવામાં હોય તો હવાડામાં આવે. જ્યારે કૂવા ખાલી પડ્યા હોય ત્યારે હવાડા તો ખાલી જ હોય.

તમે ઘરમાં સમૂહ પ્રાર્થનાનો આરંભ કરો. ઘરમાં બધા સભ્યો રાત્રે એક નિયત સમયે ભેગા થાવ. પરમાત્માનો ફોટો પધરાવો. ધૂપ-દીપ પ્રગટાવો. સ્તુતિગાન કરો. આરતિ ઉતારો અને નાચવા લાગો. ઘરનું વાતાવરણ બદલાઈ જશે. તેમાં ભક્તિના પરમાણુઓ ગુંજવા લાગશે. ઘર પવિત્ર બનશે. મન પવિત્ર બનશે. જીવનમાં સુખ, શાંતિ અને સમાધિનું આગમન થશે.

ક્રમશઃ

## 41st युवा उत्कर्ष शिबिर और एलर्ट महामिलन संपन्न।

**पावननिश्रा :** उपनय सम्राट् पू.आ.वि. **अजितशेखरसूरीश्वरजी** म.सा., युवाहृदयसम्राट् पू.आ.वि. **हेमरत्नसूरीश्वरजी** महाराजा के शिष्यरत्न **पू.पं.श्री हृदयरत्न वि.म.**

**पावन उपस्थिति :** वर्धमान तपोनिधि पू.आ.वि. **विमलबोधिसूरीश्वरजी** म.सा., भक्तिरसीक पू.आ.वि. **अरिजितशेखरसूरीश्वरजी** म.सा. आदि ठाणा-52

**पावनस्थान : श्री शत्रुंजय तीर्थधाम भुवनभानु मानसमंदिरम् तीर्थ - वाया - शहापुर (जि.थाणा)**

**समय :** मृगशिर्ष वदी 12-13-14, ता.27-28-29, डिसम्बर, शुक्र-शनि-रविवार.

**लाभार्थी परिवार : मातुश्री लाडकुंवरबेन मनसुखलाल वोरा परिवार - भचाउ (गांधीधाम) मातुश्री सुरेखाबेन हसमुखलाल शाह परिवार, हिम्मतनगर**

युवाहृदयसम्राट् पू.आ.वि. **हेमरत्नसूरीश्वरजी म.सा.** स्थापित **"जैन एलर्ट ग्रुप ओफ इन्डिया"** की **41st** युवा उत्कर्ष शिबिर और ऐलर्ट महामिलन व ब्राह्मी-सुंदरी ग्रुप का **वार्षिक महामिलन** उपरोक्त तीर्थ और समय पर आयोजित किया गया था।

भारतभर में से 500+ युवा और 100 बहनोंने भाग लिया। आवास-निवास मर्यादित होने से इसबार संख्या कम ली गई थी।

शिबिर की व्यवस्था के लिए अमदाबाद से १५ युवानों की टीम २५ दिसम्बर को ही आ पहूंची थी। **श्री पलकभाई, राकेशभाई, अमीतभाई, मेहूलभाई, निरजभाई, हेमलभाई, दर्शनभाई** आदि के साथ नडियाद से **स्व.प्रकाशभाई** की कार्यकर टीम भी आ चूकी थी।

टीम ने दो ही दिनों में मार्ग में, प्रवचन हॉल और अन्य स्थानो पर सुशोभन, ओफिस, मंडप आदि की सुंदर व्यवस्था की। युवाओं के रजीस्ट्रेशन, आवास-निवास, भोजन आदि की व्यवस्था को देख ली थी। तीर्थ के मेनेजर **श्री विपुलभाई, रुचिरभाई** आदि स्टाफ के साथ व्यवस्था में जूडे थे।

ता.२६ को सरसेनाधिपति **श्री कल्पेशभाई, श्री जयेशभाई, श्री निलेशभाई, श्री जिनेशभाई और राजनभाई, सुकेतुभाई** अपने ग्रुप के साथ आ चूके थे।

उपधान तप के माहोल में शिबिर का माहोल जूडने से तीर्थ में आराधना और शिबिर कार्यक्रमो का सुंदर माहोल बना।

**प्रथम दिन :** पू.आचार्यदेव आदि साधु-साध्वीजी विशालवृंद के साथ शिबिरार्थीयों का अमदावाद सेटेलाईट बेन्ड के साथ '**अनुष्ठान भवन**' में सुबह १० बजे प्रवेश हुआ।

मांगलिक के बाद एँकर **रींकशभाई**ने सभा का संचालन किया। सरसेनाधिपति **श्री कल्पेशभाई**ने सभा को पू.आचार्य भगवंतों का परिचय दिया।

पूरे भारत से कोने कोने से पधारे युवा-युवतीयाँ का स्वागत कीया और आज के कार्यक्रम की जानकारी दी।

इसके बाद **पू.आचार्य भगवंत** का युवाओं को जागृत करनेवाला, मोटीवेशन करनेवाला प्रवचन हुआ। इसके बाद पू.पं.श्री **हृदयरत्न** वि.म. लिखित पुस्तक **''आतम झंखे छूटकारो''** भाग-२ का विमोचन, लाभार्थी भावनाबेन प्रकाशभाई पाताणी-कासार-वडावली वालों के हाथ हुआ।

साथ में पू.गुरुदेव के शासन प्रभावक ३० कार्य स्वरुप '**परिचय**' पुस्तिका का विमोचन एलर्ट सरसेनाधिपति के हाथों हुआ।

अमदावाद से आये न्यु वासणा श्रीसंघ के ट्रस्टीगणने पू. गुरुदेव के शिष्यरत्नों पू. मुनिश्री **युगरत्न वि.**, पू.मुनिश्री **यशोजयरत्न वि.** आदि के चातुर्मास की बिनंती को

स्वीकृति दी गई । इसके बाद पू. पंन्यासश्रीने प्रवचन में जिनशासन की नीव समान श्रेणीक महाराजा से लेकर आजतक की प्रभु के शासन की बात और आज की परिस्थिति पर प्रकाश डाला।

दुसरे **सेशन** में दुपहर ३ से ५ पू.आ.श्री तथा पू.मुनिश्री **यशोजयरत्न** वि. का **''संतानों की केर''** पर प्रवचन हुआ।

शाम संध्याभक्ति आरति और मुझे कुछ कहनाा है इस विषय पर वक्तृत्व हुआ । अनेक ग्रुपों ने अपनी अक्टिविटि पर प्रकाश डाला।

**दुसरे दिन** ता.२८ को सुबह ६ से ७-४५ तक पू.पं.श्री **हृदयरत्न वि.**ने **श्री सिद्धचक्र यंत्र** पर संक्षिप्त आराधना, जाप और ध्यान करवाया । इस बार 70 नये युवा इस आराधना में जूडे।

आज के ऐंकर **मोनार्कभाई**ने आजकी सभा का सुंदर संचालन किया। **श्री कल्पेशभाई**ने आज के कार्यक्रमो की रुपरेखा बताई और पू.पंन्यासजी आदि के चातुर्मास की बिनंती करने आये **श्री सोसायटी नगर हिम्मतनगर** श्रीसंघ की बिनंती को स्वीकृत कीया।

इसके बाद पू.आचार्यश्री और पू.पंन्यासश्री का प्रवचन हुआ । अल्पाहार के बाद ३ से ५ तक पू.आचार्यश्री तथा पू.मुनिश्री का प्रवचन हुआ। शाम को जिनभक्ति-संगीत और वत्कृत्व स्पर्धा आदि कार्यक्रम हुए।

**तीसरे दिन :** ट्रोफी का दिन था - सुबह ६ से ७-३० तक मुख्य जिनालय में पू.आचार्यश्रीने प्रभुमिलन करवाया। पाप का प्रायश्चित्त और प्रभु को प्रार्थना संवेदनशील रही **।** युवा प्रभावित हुए।

९-३० को पू.आचार्यश्री का प्रवचन के पूर्व आज के ऐंकर **अंजन** चैन्नाइने सभा का संचालन कीया। पूज्यश्रीने मोटीवेट करते हुए कहा आपको डायमंड बनता है। इसके लिए चार केटेगरी बताई । केरेट, कलर, कटींग और क्वॉलिटी। रसप्रद प्रवचन रहा। डेडीगेशन, डिवोशन और डिसिप्लीन भी बताया। पू.पंन्यासश्रीने भी हितशिक्षा स्वरुप पापभय, भगवान का भय, संसारमय और परलोक के भय स्वरुप धर्म की पात्रता युवाओं को बताई।

इसके बाद ट्रोफी वितरण का कार्यक्रम के लिए **श्री कल्पेशभाई**ने माईक हाथ में लिया।

प्रथम टोप टेन की घोषणा, बाद में एलर्ट **ब्राह्मी-सुंदरी ग्रुपो** की प्रतियोगिता में १३ ग्रुपो में से दो ग्रुप को ट्रोफी पू.साध्वीजी के करकमलों से दी गई थी।

इसके बाद तीन ट्रोफी युवानों को पू.आचार्यश्री और पू. पंन्यासश्री के करकमलो से दी गई। ट्रोफी प्राप्त ग्रुप के युवा आनंद से झुम उठे संगीत के साथ आनंदमय माहोल बना।

कार्यक्रम समापन के बाद भोजन करके युवानोने अपने अपने स्थान पर जाने के लिए बिदाइ ली थी। हर एक युवा के मुख पर आनंद था । ब्राह्मी-सुंदरी बहनों को एक नया आयाम मिला। अगली शिबिर बम्बई में होने की घोषणा की गई।

## ऐलर्ट ट्रोफी विनर्स

**ओल इन्डिया :** भायखला, मुंबई
**गुजरात :** तलोद (साबरकांठा)
**महाराष्ट्र :** वसई, मुंबई

## ब्राह्मी-सुंदरी ट्रोफी

**विरार ग्रुप** - मुंबई
**मांडल ग्रुप** - गुजरात

## टोप टेन युवा

मेहुल शाह - अमदावाद
केतन शाह - राजकोट
सौरभ शाह - नडियाद
जस्मिन शाह - अमदावाद
सुनिल देढिया - भायंदर
मदनभाई - नाशिक
पार्श्व शाह - सेटेलाइट (अम.)
राजेश जैन - चालिसगांव
संजय जैन - उमरगांव
प्रकाश महेता - डोम्बिवली

# ૪૧મી યુવા ઉત્કર્ષ શિબિરની આછેરી ઝલકો...

























RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026











**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : **079-27681317**

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514